**સુવિચાર**

સત્યનિષ્ઠ વ્યકિત પોતાના વાયદા કોઈપણ સંજોગોમાં પૂરા કર્યે જ છૂટકો કરે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૪/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ ચૈત્ર સુદ-૪ વર્ષ : ૧૫ અંક : ૧૦૨


## ૧૯ એપ્રિલ સુધી ઉમેદવારીપત્રક રજૂ કરી શકાશે : તંત્રની તડામાર તૈયારીઓ

# અમરેલી લોકસભા ચૂંટણી માટે આજથી ફોર્મ ભરવાનું શરૂ

### આજથી જ ઉમેદવારીપત્રક દાવેદારોને આપવાનું શરૂ કરી દેવાશે

### અમરેલી બેઠક માટે કોંગ્રેસનાં ઉમેદવાર ૧૬ અને ભાજપનાં ઉમેદવાર ૧૮ એપ્રિલે ઉમેદવારીપત્રક રજૂ કરશે

### લોકસભાની ચૂંટણીમાં વિસ્તાર અને મતદારો વિશાળ હોય વિધાનસભા કરતાં ઓછી સંખ્યામાં દાવેદારી થતી હોય છે

### લોકસભાની ૨૬ અને વિધાનસભાની પેટા ચૂંટણી માટે ઉમેદવારીપત્રક રજૂ કરી શકાશે

અમરેલી, તા. ૧૧

અમરેલી સહિત રાજયની લોકસભાની ૨૬ અને વિધાનસભાની પાંચ પેટા ચૂંટણીને લઈને આવતીકાલ શુક્રવારથી જ ઉમેદવારીપત્રક ભરવાનું શરૂ થવાનું હોય જિલ્લાનાં વહીવટીતંત્ર ધ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.

અમરેલી લોકસભા ચૂંટણીમાંવિસ્તારઅનેમતદારોનીસંખ્યા વિશાળ હોવાથી વિધાનસભા ચૂંટણી જેટલા દાવેદારો અગાઉની ચૂંટણીમાં કયારેય જોવા મળ્યા નથી. જો કે કેટલા ઉમેદવારોવચ્ચેચૂંટણીજંગજામેછેતેમાટે હજુ૧૦દિવસનીરાહજોવીપડશેકારણ કેસમગ્રચિત્ર૨૨એપ્રિલેસ્પષ્ટથશે.

અમરેલી બેઠક માટે કોંગ્રેસનાંઉમેદવાર૧૬અનેભાજપનાં ઉમેદવાર૧૮એપ્રિલેઉમેદવારીપત્રક રજૂકરવાનાંહોવાનુંજાણવામળેલછે. જયારેઅન્યકોઈપક્ષકેઅપક્ષઉમેદવાર ઉમેદવારીકરેછેકેનહીતેમાટે૧૦દિવસ રાહજોવપડશે.

દેશભરમાં લોકશાહીના મહાપર્વનીઉજવણીચાલીરહીછે.ત્યારે સાત તબકકામાં લોકસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાતમાં ત્રીજા તબકકામાં લોકસભાની ૨૬ બેઠક અને પાંચ વિધાનસભાની પેટા ચૂંટણીની તારીખો જાહેરકરવામાંઆવીછેત્યારેચૂંટણીપંચ ધ્વારા આવતીકાલે જાહેરનામું બહાર પાડી સમગ્ર રાજયમાં લોકસભા અને વિધાનસભાની પેટા ચૂંટણીનાં ફોર્મ ભરવાનું શરૂ કરવામાં આવશે.

લોકશાહીના મહા પર્વ નિમિત્તે દેશભરમાં લોકસભાની સાત તબકકામાંચૂંટણીજાહેરકરવામાંઆવી છેજેમાંગુજરાતમાંત્રીજાતબકકામાંએક સાથેતમામ૨૬લોકસભાનીબેઠકઅને પાંચ વિધાનસભાની બેઠકની ચૂંટણી જાહેરકરવામાંઆવીછે.

ચૂંટણી પંચ ધ્વારા જાહેર કરવામાંઆવેલતારીખોનેધ્યાનેલઈને ગુજરાતમાંઆવતીકાલેચૂંટણીપંચ


અનુસંધાન પાના ૬ ઉપર


### ઉમેદવારીપત્રો તા. ૧૨ થી તા. ૧૯ એપ્રિલ સુધી ભરી શકાશે

## અમરેલી જિલ્લામાં ચૂંટણી વિભાગ દ્વારા ઉમેદવારીપત્રકને લઈને વ્યવસ્થા કરાઈ

### તા. ૭ મે ૨૦૨૪નાં રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન

અમરેલી, તા. ૧૧

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે ભારતનાં ચૂંટણી પંચ તરફથી ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ૧૪–અમરેલી સંસદીય મતદાર વિભાગની ચૂંટણીની તારીખો તથા ઉમેદવારી પત્ર મેળવવા અને રજૂ કરવાના અંગેના સ્થળોની વિગતો અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવી છે. ચૂંટણી પંચનું જાહેરનામુ તથા ચૂંટણી નોટીસ બહાર પાડવાની તા. ૧૨ એપ્રિલ, ૨૦૨૪ છે.

ઉમેદવારી પત્રો તા. ૧૨ એપ્રિલ,૨૦૨૪થીરજૂકરીશકાયછેઅને તે રજૂ કરવાની છેલ્લી તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૪ (જાહેર રજાના દિવસો સિવાય) (સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ દરમિયાન) છે. જે ૧૪–અમરેલી સંસદીયમતદારવિભાગઅનેકલેકટર કચેરી, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન ખાતેઅથવામદદનીશચૂંટણીઅધિકારી અનેપ્રાંતઅધિકારી,પ્રાંતકચેરીઅમરેલી ખાતે ઉમેદવારી પત્રો રજૂ કરી શકાશે.


ઉમેદવારીપત્રોનીચકાસણી તા.૨૦એપ્રિલ,૨૦૨૪ (સવારે ૧૧.૦૦ કલાકે) ૧૪–અમરેલીસંસદીયમતદાર વિભાગઅનેકલેકટરકચેરીખાતેછે.

ઉમેદવારીપાછીખેંચવાની છેલ્લી તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૪ (બપોરના ૩ કલાક સુધીમાં) છે, જે ૧૪–અમરેલી સંસદીય મતદાર વિભાગ અને કલેકટર કચેરી, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, પ્રાંત કચેરી અમરેલી ખાતે ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે. મતદાન તા. ૭ મે, ૨૦૨૪ના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી રહેશે, તેમ અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### કાબરીયા પરિવારનું પ્રેરણાદાયી કાર્ય

## અમરેલી : સારહિ તપોવન આશ્રમને રૂપિયા એક લાખનું અનુદાન

### સંસ્થાનાં સ્વપ્નદ્રષ્ટા મુકેશ સંઘાણીએ આભાર વ્યકત કર્યો



અમરેલી, તા. ૧૧

અમરેલીમાંસારહિતપોવન આશ્રમમાંનિરાધારવડીલોને


અનુસંધાન પાના ૬ ઉપર


## માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીનું આગમન





બગસરામાં માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની હરરાજી શરૂ થઈ જેમાં ૧૨૦નાં પ્રતિ કિલોનાં ભાવની કેરીનું વેચાણ કરાયું હતું. બોકસનો ભાવ રૂા. ૧૨૦૦ની આસપાસ જેવો રહ્યો હતો.

### બે મહિલાઓ અને બે પુરૂષોએ પટ્ટ માંડયો

## ખાંભાના મીતીયાળા માર્ગ ઉપર જાહેરમાં જુગાર રમતા ૪ પત્તાપ્રેમી ઝડપાયા

### પોલીસે તમામ સામે કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૧૧

ખાંભા ગામે રહેતા મહમદભાઈ અબ્દુલભાઈ પરમાર, ધીઢભાઈ રવજીભાઈ મોલાડીયા, ભાનુબેન હીરજીભાઈ સોલંકી, નીશાબેન દિનેશભાઈ પરમાર સહિત ચારેય પતા પ્રેમીઓ તા.૧૦ ના બપોરે ૧ વાગ્યે ખાંભા મીતીયાળા રોડ વિસ્તાર જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીન પત્તી નામનો હાર જીતનો જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૧૪,૯૦૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

### ફૂડ વિભાગ આળશ ખંખેરે તે જરૂરી

## અમરેલીનાં રાંઢીયા ગામે શ્રમિક પરિવારે કેન્ડી ખાતા ઉલ્ટી થવાનુ શરૂ થતાં દેકારો

### ભોગ બનનારને સારવારમાં ખસેડાયા

અમરેલી, તા. ૧૧

અમરેલી તાલુકાના રાંઢીયા ગામે રહેતા અને મુળ મધ્યપ્રદેશના વતની સોનબેન ધર્મેશભાઈ માવડા, બાબુભાઈ વાઘજીભાઈ અપાણીની વાડીએ ડુંગળીની મજુરી માટે ગયેલ હતા ત્યારે બપોરના બે વાગ્યે વાડી માલિક બાબુભાઈ વાઘજીભાઈ અપાણી મજુરો માટે કેન્ડી લઈ આવેલ અને કેન્ડી ખાધા બાદ આશરે એકાદ કલાક પછી સોનબેન ધર્મેશભાઈ માવડા તેમજ તેણીના પૌત્ર–પૌત્રી અક્ષુ, શની, શીવા, શિવાની, અંજના તથા તેમના જેઠના દિકરા વિવાનને ઉલ્ટી થવા લાગેલ હતી જેઓને આ ગુલ્ફી (કેન્ડી) ખાવાના લીધે ફુડ પોઈજીનીંગ થયેલ હોય સારવાર માટે દવાખાને ખસેડાયા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલાં પણ અમરેલી નજીક આવેલ લુણીધાર ગામે સાંજના સમયે મહિલા પુરૂષો સહિતના લોકોએ લુણીધાર ગામે કેન્ડી ખાધા બાદ ફુડ પોઈજન. થતાં કેટલીક વ્યકિતઓને અમરેલી સિવિલમાં હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા.


જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,450/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૧/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



SAMSUNG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
સેમસંગ ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૭૨, મો. ૯૪૨૭૪ ૫૨૫૫૪


### રોજગારીનાં અભાવથી કંટાળીને

## અમરેલીનાં વિઠલપુર ખંભાળીયા ગામનાં પ્રૌઢે ઝેર પી અંતિમવાટ પકડી

### બેરોજગારીએ હાહાકાર મચાવ્યો છે

અમરેલી, તા. ૧૧

અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ખંભાળિયા ગામે રહેતા પ્રવિણભાઈ લવાભાઈ વાઘેલા નામનાં ૫૦ વર્ષિય આધેડ એકાદ મહિના પહેલા સુરતથી પોતાના વતન વિઠ્ઠલપુર ખંભાળીયા ગામે ઘરે આવેલ હોય અને અહિં કાઈ કામ ધંધો કે રોજગારી મળતી ન હોય. જેથી તા. ૯ના રોજ બપોરના ૪ વાગ્યે આવેશમાં આવી કંટાળી જઈ પોતાની મેળે ઘંઉમાં નાખવાનો ઝેરી પાઉડર પી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


ફ્રી નિદાન... ફ્રી દવા... ફ્રી ઓપરેશન કેમ્પ...
- પથરી - પ્રોસ્ટેટ -
કીડનીના દર્દીઓ માટે
ડૉ. જય માકડિયા (યુરોલોજીસ્ટ)
તારીખ :૧૩/૦૪/૨૦૨૪, શનિવાર,
સમય : સવારે ૧૦ થી ૧
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## અમરેલી વિધાનસભા વિસ્તારનાં શેડુભાર, ગોખરવાળા, સરંભડા, જાળીયા, વડેરા સહિતનાં ગામોમાં

# ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં મોદી પરિવાર સભા યોજાઈ

મક્કમ મન, અખૂટ વિશ્વાસ અને જનતાની પ્રગતિથી થશે ભાજપનો ભવ્ય વિજય : કૌશિક વેકરિયા

દેશની સાથે અમરેલીની જનતાએ પણ પુનઃ મોદી સરકાર બનાવવાનું મન બનાવી લીધું છે

છેલ્લા ૧૦ વર્ષમાં અમરેલી જિલ્લા સહિત દેશભરમાં રોકેટ ગતિએ થયા છે વિકાસ કાર્યો

ગામેગામ ભાજપનાં ઉમેદવારને જબરદસ્ત આવકાર મળતાં ભાજપનાં આગેવાનોનો ઉત્સાહ વધ્યો









અમરેલી, તા. ૧૧

આવનાર લોકસભા ૨૦૨૪ની ચૂંટણી અંતર્ગત ભારતીય જનતા પાર્ટીનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાનાં સમર્થનમાં અમરેલી વિધાનસભામાં મોદી પરિવાર સભાની બેઠક મળી હતી જેમાં મોટી સંખ્યામાં સામાજિક તથા રાજકીય આગેવાનો જોડાયેલા હતા.

૨ થી ૩ શકિત કેન્દ્રો દીઠ તાલુકા પંચાયતનાં સીટને ધ્યાને રાખીને યોજવામાં આવેલ મોદી પરિવાર સભામાં કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી લઈ જવા તેમજ સરકારના કરેલ કામોની વાત છેવાડાના લોકો સુધી પહોંચાડવા ધારાસભ્ય કૌશિક વેકરિયા ધ્વારા કાર્યકર્તાઓને આહવાન કરવામાં આવ્યું હતું.

વધુમાં આવનાર લોકસભા ચૂંટણી ૨૦૨૪નાં અનુસંધાને પ્રધાનમંત્રી મોદી જયારે ત્રીજી વાર વડાપ્રધાન બનવા જઈ રહ્યા હોય ત્યારે અમરેલી વિધાનસભામાંથી મોટી સંખ્યામાં ભાજપ તરફી મતદાન કરાવીને તમામ મતદારો જ નરેન્દ્ર મોદીનાં પરિવાર છે એવું ચરિતાર્થ કરવાની હાંકલ કરવામાં આવી.

ઉપરોકત મોદી પરિવાર સભામાં મોટી સંખ્યામાં રાજકીય–સામાજિક આગેવાનો સહિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના ચૂંટાયેલા આગેવાનો તેમજ સંગઠનના હોદેદારો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

---

### લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા

## અમરેલીમાં યોજાયેલ ૧૭મો નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ

પારેખ પરિવાર અને ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો





અમરેલી, તા. ૧૧

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈ અને ભૂરખિયા ચેરીટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી તા. ૧૧.૦૪.૨૦૨૪ ને ગુરૂવારે બપોરે ૩–૦૦ કલાકે અમરેલી શહેરના નગરજનો માટે લાયન્સ હોલ અમરેલીમાં ૧૭મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ નિદાન કેમ્પમાં ૨૦ દર્દીઓની આંખના તમામ રોગોની તપાસ નિષ્ણાંત ડો. દર્શિત ગોસાઈ દ્વારા કરવામાં આવેલ અને જરૂયિાતમંદ ૧૨ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ વિનામૂલ્યે કરી આપવામાં આવેલા હતા. આ કેમ્પમાં અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, પૂર્વ ટાઉન પ્લાનિંગ ચેરમેન પિન્ટુભાઈ કુરૂંદલે, અમરેલી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ દિલીપ સાવલીયા, પ્રકાશભાઈ ભેડા – સરપંચ મોણપુર, લલિતભાઈ વેકરીયા વાંડલિયા થી ઉપસ્થિત રહ્યા હતા.

આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રમુખ લાયન કિશોરભાઈ શિરોયા, સેક્રેટરી લાયન ૠજુભાઈ ગોંડલીયા, લાયન એમ.એમ. પટેલ, લાયન તેમજ સુદર્શન નેત્રાલય તરફથી કીર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલઅને તેમની નર્સિંગ ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રા. એમ.એમ. પટેલની યાદીમાં જણાવેલ છે.

---

### તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરી નિવેદન

## ખેડૂત–ખેતીને ખતમ કરવાનું કામ કરતી ભાજપ સરકાર



અમરેલી, તા.૧૧

જયારથી રાજયમાં અને કેન્દ્રમાં ભાજપની સરકાર આવી ત્યારથી ખેડૂતોને અને ખેતીને ખતમ કરવાનું કામ ભાજપની સરકાર કરી રહી છે. ખેડૂતોની આવક ડબલ કરવાના બદલે ખેડૂતોના ખર્ચા ડબલ કરવાનું કામ ભાજપની સરકારે કર્યુ છે. ભાજપ સરકારનાં પાપે સમગ્ર ભારત દેશનો ખેડૂત દેવાના બોજ તળે ડુબી ગયો છે. ભાજપની સરકાર ખેડૂતોને પુરતી વીજળી અને દિવસે વીજળી તથા પીયત માટેનું પાણી આપી શકી નથી પરિણામે ખેતી કરવી મુશ્કેલ બની ગઈ છે. તથા મોંઘાદાટ બિયારણ, જંતુનાશક દવાઓ, ખાતરને લીધે ખેતી ખર્ચાળ બની ગઈ છે., આ ભાજપની સરકારે ખેતીવાડીના ઓજારો પર ૨૮% જેટલો જીએસટી નાખીને ખેડૂતોની કમર તોડવાનું કામ કર્યુ છે. જયારે જયારે ખેડૂતોનો પાક તૈયાર થઈને ઘેરે આવે અને ખેડૂતો માર્કેટીંગ યાર્ડમાં વેચવા માટે જાય ત્યારે નિકાસ બંધીને લીધે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી. ખેડૂતો પોતાના પાકના રક્ષણ માટે વીમા કંપનીને પ્રીમિયમ ભરતા હોવા છતાં પણ કુદરતી આફતમાં ખેડૂતોને પાકને નુકશાન થાય છતાં પણ વીમા કંપની ઓ ખેડૂતોને વીમો આપતી નથી. આમ ખેડૂત અને ખેતીને ખતમ કરવાનું કામ ભાજપની સરકાર કરી રહી છે. તેમ એક નિવેદનમાં અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ જણાવેલ છે.

---

### વેપારી અગ્રણી જે.ડી. ચૌહાણની રજુઆત

## બાબરા : સ્ટેટ બેન્કનાં સીડીએમ મશીનને બહાર બાજુ મુકવું જરૂરી

બેન્કમાં રજા હોય તો ગ્રાહકોને મુશ્કેલી



વેપારી જે ડી ચૌહાણ દ્વારા બેંકના મુખ્ય અધિકારીને પત્ર પાઠવી રજુઆત

બાબરા, તા. ૧૧

બાબરા એસબીઆઈ બેન્કમાં લોકોની વધુ સુવિધાઓ માટે શાખા અંદર નાણાં ઉપાડવા માટે એ.ટી એમ મશીન તેમજ નાણાં ડિપોઝીટ કરવા માટે સીડીએમ મશીન મુકવામાં આવ્યું છે પણ જેમાં એ ટી એમ મશીન અન્ય જગ્યાએ આવેલા હોવાથી લોકોને નાણાં ઉપાડવામાં કોઈ મુશ્કેલીઓ પડતી નથી પણ ડિપોઝીટ કરવા માટે મુકવામાં આવેલ સીડીએમ મશીન શાખાની અંદર હોવાથી બેંકના ગ્રાહકોને વધુ હાલાકીનો વારો ભોગવવા નો આવે છે.

બાબરા શહેરના અગ્રણી વેપારી જે ડી ચૌહાણ દ્વારા બેંકના મુખ્ય અધિકારીને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવેલ છે કે નાણાંની રોકડ લેવલ દેવડ માટે અહીં સી ડી એમ મશીન મુકવામાં આવ્યું છે પણ જો એ મશીન બેન્કની બહાર સુરક્ષિત મુકવામાં આવે તો બેંકની આવતી રજામાં વેપારીઓ તેમજ અન્ય લોકો લાભ લઈ શકે કારણ કે અમુક મહિના આવતી વધુ રજાના કારણે લોકોનો નાણાંનો વહિવટ અટકી પડે છે ખાસ કરી શનિ રવિમાં આવતી રજા તેમજ અન્ય રજાઓ હમણાં માર્ચ અને એપ્રિલ માં વધુ રજા રહેતા ખુબજ મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો હતો. ત્યારે જો નાણાં જમા કરવા માટે નું મશીન બેન્ક ની અંદર મુકવામાં આવ્યું છે તેને શાખા ની બહાર મુકવામાં આવે તેવી લાગણી અને માંગણી કરવામાં આવી હતી.

---

### યુવા મહિલા ઉમેદવારમાં ઉત્સાહનાં ઘોડાપુર

## અમરેલી લોકસભા બેઠકનાં કોંગી ઉમેદવાર જેની ઠુંમર આજે જેસર પંથકમાં

રાણીગામ, ઝડકલા, ડુંગરપુર સહિતના ગામોમાં પ્રચાર કરશે



અમરેલી, તા. ૧૧

અમરેલી લોકસભા બેઠકનાં કોંગ્રેસ પક્ષનાં ઉમેદવાર જેનીબેન ઠુંમર આવતીકાલ શુક્રવારે જે.સર પંથકનો પ્રવાસ કરશે.

તેઓ સવારે ૯ કલાકે રાણીગામ, બાદમાં ઝડકલા, કાત્રોડી, પા. છાપરીયાળી, બેડા, માતલપર, ડુંગરપર, ટોળ, ભાનવડીયા, તાતણીયા અને બીલા ગામનો પ્રવાસ કરીને ભાજપ સરકારની નિષ્ઠળતાની ગામજનોને માહિતગાર કરીને દેશનાં અને અમરેલી જિલ્લાનાં વિકાસ માટે કોંગ્રેસ પક્ષને મત આપવા અનુરોધ કરશે.

---

### સિંધી સમાજની દિવાળી એટલે ચેટીચાંદ

## રાજુલામાં સિંધી સમાજ દ્વારા ચેટીચાંદની આસ્થાભેર ઉજવણી

શોભાયાત્રા, મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાયા





રાજુલા, તા. ૧૧

રાજુલા શહેરમાં ચેટીચાંદની સિંધી સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી રાજુલા શહેરમાં નાથુભાઈ સિંગવાળા તરીકે ઓળખાતા તેમના ઘરે આ પ્રસંગની શરૂઆત નાથુભાઈના ઘરથી જ કરવામાં આવેલી જયાં સમાજ દ્વારા સવારમાં થતી તમામ ધાર્મિક વિધિઓ કરવામાં આવેલ ત્યારબાદ બપોરના હિંગળાજ માતાજીના મંદિરે એક મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલું મહાપ્રસાદ માં ‘સિંધી’ સમાજના તમામ લોકો તેમજ શહેરના અગ્રણીઓ વેપારીઓ કાર્યકરો સહિતના લોકોએ ‘ આ’ પ્રસાદમાં ભાગ લીધેલો ત્યારબાદ સાંજના ૬ : ૦૦ વાગે નાથુભાઈના ઘરેથી આ શોભાયાત્રા નીકળેલી જેમાં રંગે ચંગે રાસગરબાની રમઝટ સાથે આ શોભાયાત્રા રાજુલા માર્કેટિંગ યાર્ડ હોસ્પિટલ ચોક ટાવર ચોક પોલીસ સ્ટેશન તેમજ ‘ખડપીઠ’ માં પસાર થઈ અને આ શોભાયાત્રા ખોડીયાર મંદિરે પૂર્ણ થયેલ આ ‘શોભાયાત્રાને’ ખડપીઠમાં રાજુલા વિશ્વહિન્દુ પરિષદની ટીમ તેમજ બજરંગ દળની ટીમ તેમજ ખડપીઠના તમામ વેપારીઓ દ્વારા પૂજા અર્ચના તેમજ ફૂલહાર કરી અને આ શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલું અંતમાં આ કાર્યક્રમમાં સિંધી સમાજ દ્વારા લચ્છી તેમજ ‘આઈસ કેન્ડી’ તેમજ ઠંડા પીણા સહિતની આ શોભાયાત્રામાં વ્યવસ્થાઓ કરવામાં આવેલી જોકે આ શોભાયાત્રામાં એક અનોખો જો માહોલ જોવા મળ્યો રાજુલા શહેરના સમસ્ત ‘સિંધી સમાજ’ પોતાના ધંધા રોજગાર સ્વૈચ્છિક રીતે બંધ રાખી અને આ ‘ચેટી ચાંદની’ ભવ્ય ઉજવણી કરેલ છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજુલા સિંધી સમાજના પ્રમુખ ઉપપ્રમુખ સેકેટરી મંત્રી તેમજ સમાજના દરેક અગ્રણી વસંતભાઈ સોરઠિયા કિશનભાઈ કલવાણી, હીરાભાઈ જુરાણી, પ્રકાશભાઈ જેસિંગાણી, મહેન્દ્રભાઈ લાલવાણી, સુરેશભાઈ જુરાણી, નરેશભાઈ જુરાણી, નાથુભાઈ સોરઠિયા, મનીષભાઈ સોરઠિયા, મહેશભાઈ તુલસીયાણી સહિત લોકોએ ભારે જહેમત ઉઠાવેલ.

---

## સાવરકુંડલા : બાળ વયે આખો રમઝાન રોઝા રાખી ઈબાદત કરી





(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૧

પિરે તરિકત સૈયદ મોહમ્મદ દાદાબાપુ કાદરી ફાતેમીનાં સુપુત્ર સૈયદ એહમદ મુનીરબાપુ કાદરી ફાતેમીના સુપુત્ર સૈયદ મોહમ્મદ નુરાનીબાપુ ઉ.વ. ૭ તથા સુપુત્રી સૈયદા ફાતેમાનુરમાં કાદરી ફાતેમી ઉ.વ. ૬ બન્ને બાળકોએ આખો મહીનો ૩૦ દીવસ રોઝા રાખી, અલ્લાહ ખુદાતાલ્લાહની કઠોરમાં કઠોર નેકી ટેકી સાથે બાઅદબ બંદગી કરી ને સમગ્ર સમાજમાં એક ઉમદા ઉદાહરણ પૂરૂં પાડયું હતું.

આ ઉપરાંત ધોરણ ૫ મા અભ્યાસ કરતા વિધાર્થી ખોરાણી અર્ષ હમિદભાઈ. આખો રમઝાન ૩૦ રોઝા પૂર્ણ કરી ખૂબજ કઠીન તપસ્યા કરી ને મોટી ઉંમરના લોકોને પોતાની નેકી ટેકીનો પરીચય આપ્યો હતો. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી બાપૂ સર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ. અત્રે ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે,

આ બાળકે રોઝા રાખીને પણ તમામે તમામ દિવસ શાળામાં હાજરી આપી અભ્યાસ પણ નિયમિત કરેલ. અમુક ઢગા તો એકાદ દીવસ રોઝા પછી બબ્બે દીવસ આરામ કરે..!!

---

### સાવરકુંડલાના ઔદ્યોગિક વિસ્તારમાં "યુથ વોટર ફેસ્ટિવલ" યોજાયો

## બગસરાના માવજીંજવા અને ધારીના વિવિધ વિસ્તારોમાં ચુનાવ પાઠશાળા યોજવામાં આવી

રાજુલાના ખારી ખને બર્બટાણાના ગામના શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું

અમરેલી, તા. ૧૧

એપ્રિલ, ૨૦૨૪ (ગુઢવાર) સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (સ્વીપ) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત અમરેલી જિલ્લામાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવામાં આવી રહી છે.

બગસરા તાલુકાના માવજીંજવા ગામે મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ચુનાવ પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલાઓને મતદાનના મહત્વ વિશે સમજ આપવામાં આવી હતી. મહિલાઓએ અચૂક મતદાનની પ્રતિજ્ઞા લીધી હતી. ધારી તાલુકાના ધારીના પ્રેમપરા અને હરિપરા વિસ્તારમાં ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજી મતદારોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન કરવા અને અન્ય નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરણા પૂરી પાડી જાગૃત્ત કરવા સમજ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું. નાગરિકોએ અચૂક મતદાનની પ્રતિજ્ઞા લીધી હતી. રાજુલા તાલુકાના ખારી અને બર્બટાણા સહિતના ગામ ખાતે શ્રમિક વર્ગ સાથે સંવાદ સાધી તેમને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત ‘મતદાર જાગૃતિ અભિયાન‘ કાર્યક્રમ અંતર્ગત શ્રમિકોને મતદાનના મહત્વ વિશે સમજ આપી મતદાનના મૂલ્ય વિશે વિગતો સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું. દરેક શ્રમિક અન્ય પાંચ નાગરિકને મતદાન કરવા માટે પ્રેરિત કરશે જેથી વધુમાં વધુ મતદાન માટે જાગૃતિમાં સહભાગી થઈ શકશે.

સાવરકુંડલા ખાતે સાવરકુંડલા તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં ઔદ્યોગિક વિસ્તારમાં ‘યુથ વોટર ફેસ્ટિવલ ‘ કાર્યક્રમ યોજાયો હતો. યુવા મતદારો કે જેઓ પ્રથમ વાર મતદાન કરવાના છે તેઓ પોતે મતદાન કરશે અને તેમના પરિવારજનોને પણ મતદાન કરવા સમજૂત કરે તે માટે તેમને માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દરેક નાગરિકના એક મતનું શું મહત્વ છે તે વિશે તેમણે સમજ પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સિગ્નેચર અભિયાન પણ યોજાયું હતું. કાર્યક્રમમાં ચૂંટણી ફરજ પરના અધિકારી–કર્મચારીઓ અને શ્રમિકો સહિતના જોડાયા હતા.

## પૂ. ભોજલરામબાપાનાં શિષ્ય અને પૂ. જલારામબાપાનાં ગુરૂ ભાઈ પૂ. વાલમરામબાપાની તપોભૂમિમાં નમન કર્યા

# ગારિયાધાર પંથક કૃષિ અને હીરાઉદ્યોગ વિકાસથી વંચિત : જેની ઠુંમર

**ખેડૂતોને ખેત ઉપજનો પોષણક્ષમ ભાવ મળતો નથી અને વર્તમાન સરકારની ખેતી વિરોધી નીતિથી ખેડૂતો ચિંતિત**

**હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ હજારો રત્નકલાકારોને પણ રોજગારીની વ્યાપક પરેશાની**

**કોંગ્રેસનાં ઉમેદવાર જેની ઠુંમરને સત્કારવા યુવાનો, મહિલાઓ સહિત સૌ કોઈ મોટી સંખ્યામાં જોડાયા**

**ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણી, દિવ્યેશ ચાવડા સહિત કોંગ્રેસ અને 'આપ'નાં આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**



ગારીયાધાર, તા. ૧૧

ગારીયાધાર વિસ્તારના પ્રવાસે અમરેલી લોકસભાના કોંગ્રેસના મહિલા અને શિક્ષિત ઉમેદવાર જેનીબેન ઠુમ્મર લોકોના આશિર્વાદ મેળવવા ગયા હતા. ત્યારે તેમણે પૂ. ભોજલરામ બાપાના શિષ્ય અને પૂ. જલારામબાપાના ગુરૂ ભાઈ પૂ. વાલમરામબાપા તપોભૂમિને નમન કરી અને મારા પ્રવાસની શરૂ કરૂ છુ.

જેનીબેન ઠુમ્મરે રાજુલાનાં મહત્વના પ્રશ્ને લોકો સાથે સંવાદ કર્યો હતો. તેમાં તેમણે જણાવ્યુ હતુ કે, ગારીયાધાર વિસ્તાર મોટાભાગે–ખેતી અને હિરા ઉદ્યોગ પર નભતો તાલુકો છે. ત્યારે આ વિસ્તારના ખેડૂતો ખુબ મહેનતી છે અને આ વિસ્તાર પર ઈશ્વરની અનન્ય કૃપા પણ છે. ત્યારે આવનારી પેઢીને ખેતી સાથે જોડાયેલી રાખવા માટે કપાસ, મગફળી, કઠોળ, સોયાબીન સહિત વિવિધ પ્રકારની ખેતી કરતા ખેડૂતોને પોતાની ઉપજનાં ભાવો મળવા જોઈએ. હાલમાં ખેતી વર્તમાન કેન્દ્ર સરકારે ખાતર અને બિયારણમાં ભાવ વધારો કર્યો છે. સામા પક્ષે ડીઝલ મોંઘું થયુંછે ત્યારે ખેતી પણ મોંઘી થઈ છે. એવામાં ખેડૂતોને પોતાના ઉત્પાદનના ભાવ વધુમાં વધુ મળે તે માટે રાહુલ ગાંધી એમ.એસ.પી. કાનૂની ગેરંટી આપી છે.

આ ઉપરાંત આ વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ થાય અને એન્જીન્યરીંગ કોલેજ, ફાર્માસી કોલેજ જેવી સુવિધા મળે તો આ વિસ્તાના વિદ્યાર્થીઓને ભાવનગર, રાજકોટ કે અમદાવાદ સુધી શિક્ષણ અર્થે જવુ ન પડે અને વાલીઓના પૈસા પણ બચે.

હિરા ઉદ્યોગ એ ગારીયાધાર વિસ્તારનો મુખ્ય વ્યવસાય છે. ત્યારે કાચામાલની અછતના કારણે પુરતા પ્રમાણમાં રત્ન કલાકારોને કામ મળતુ નથી ત્યારે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર આ આકાશી રોજી બનેલ હિરા ઉદ્યોગને પ્રોત્સાહિત કરે અને રત્નકલાકારોના વિકાસ માટે સ્પે. નિગમ બનાવે તેવી અમારી માંગણી છે.

આ પ્રવાસમાં જેનીબેન ઠુમ્મર સાથે તાલુકા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત જોડાયા હતા. તેમણે સરકાર સામે પ્રહારો કરતા કહ્યુ કે, સરકારે પેટ્રોલ, ડીઝલ, ખાતર, બિયારણ, રાંધણગેસ, મોંઘા કર્યા છે. પુજાપા અને શિક્ષણની વસ્તુઓમાં જી.એસ.ટી. નાખ્યો છે. અત્યાર સુધીની સરકારે કોઈ દિવસ લોટ પર જીએસટી લીધો નથી ત્યારે વર્તમાન સરકાર તેમાં પણ ૫% જી.એસ.ટી. લે છે.

આ તકે આ વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણીએ ઈન્ડીયા ગઠબંધનના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરને વિજય બનાવવા અપીલ કરતા જણાવ્યુ કે, કોંગ્રેસ પાર્ટીએ ખુબ શિક્ષીત મહિલા ઉમેદવારને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. ત્યારે ગારીયાધાર વિસ્તારની બહેનોને મારી સવિશેષ અપીલ છે. જેનીબેન ઠુમ્મરને જંગી બહુમતિ આ વિસ્તારમાંથી મળે તે હું બહેનોનો સહયોગ માંગુ છું.

આ તકે કોંગ્રેસના યુવા આગેવાન દિવ્યસ ચાવડાએ સરકાર પર પ્રહાર કરતા બેરોજગારીનો મુદો ઉઠાવ્યો હતો. વર્તમાન સરકારે યુવાનોને રોજગાર મળે તેવી કોઈ નકકર કામગીરી કરી નથી ત્યારે રાહુલ ગાંધી અને ઈન્ડીયા ગઠબંધન દ્વારા યુવાનોને કેન્દ્ર સરકારમાં ૩૦ લાખ ભરતી કરવાની જાહેરાત કરી છે અને તેમાં બહેનોને ૫૦% અનામત આપવાની વાત કરી છે ત્યારે જેનીબેન ઠુમ્મરને આપણે અહીંયાથી જંગી લીડ મળે તે માટે આપને સૌને પ્રાર્થના કરવા આવ્યો છું.

જેનીબેન ઠુમ્મરના પ્રવાસ દરમ્યાન ગારીયાધાર પંથકમાંથી વ્યાપક પ્રમાણમાં આવકાર મળી રહ્યો છે. ઠેર–ઠેર બહેનો દ્વારા જેનીબેનનું સ્વાગત કરવામાં આવી રહ્યુ છે.

જેનીબેન ઠુમ્મર સાથે પ્રવાસમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, ભાવનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, ગારીયાધાર ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણી, પાલીતાણા વિસ્તારના માજી ધારાસભ્ય પ્રવીણ રાઠોડ, તળાજા વિસ્તારના માજી ધારાસભ્ય કનુભાઈ બારૈયા, દિવ્યેશ ચાવડા, શહેર પ્રમુખ ગોવિંદભાઈ મોરડીયા, જમીન વિકાસ બેંક ચેરમેન હરજીભાઈ વણઝારા, જિલ્લા પંચાયત સદસ્ય ડી.એલ. કોટ, આપના આગેવાન માધાભાઈ મણિયા, આપના આગેવાન ગીરીરાજસિંહ, કોંગ્રેસ આગેવાન કનુભાઈ પટેલ, તાલુકા પંચાયત સદસ્ય પ્રવીણભાઈ ઝાલા, સરપંચ બાલાભાઈ ઝાલાવાડીયા, ઉપસરપંચ દિવ્યેશભાઈ ચાવડા, ભાવનાબેન પ્રેમજીભાઈ ભીલ, મધુભાઈ ચાંપરાજભાઈ, ધનજીભાઈ ખીમસુરીયા, ચેતુભાઈ નટુભાઈ ખોખર, કાંતિભાઈ ખોખર, શામજીભાઈ ખીમસુરા, રમેશભાઈ ભંડેરી, પ્રકાશભાઈ ભુરાભાઈ, તખુભાઈ અબ્દુલભાઈ, નરૂદીનભાઈ યુસુફભાઈ, ભાવનાબેન પ્રેમજીભાઈ ભીલ, રાજભા ગોહિલ, કનુભાઈ બારીયા, બળદેવભાઈ સોલંકી, પ્રેમજીભાઈ હરજીભાઈ વણઝારા, કનુભાઈ અશોકભાઈ હિરપરા, શંભુભાઈ, માજી સરપંચ ભુપતભાઈ રાજાણી, નાથાભાઈ સરપંચ, કનુભાઈ મંડળી પ્રમુખ, માલધારી સેલના ચેરમેન અમિતભાઈ લવતુકા સહિતના વિશાળ સંખ્યામાં બહેનો આ પ્રવાસમાં જોડાયા હતા.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે
આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં
ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦






























# રાજુલા ખાતે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં મોદી પરિવાર સભા યોજાઈ



રાજુલાશહેરમાં'અંટાળીયા મહાદેવ' મંદિરના સાનિધ્યમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં 'મોદી પરિવાર સભા' (શક્તિ કેન્દ્ર સભા) યોજાઈ હતી.જેમાં હાજરીઆપીઆગામીલોકસભાચૂંટણીમાં ૧૪–અમરેલી લોકસભા ઉમેદવાર ભરતભાઈ સુતરિયાને જંગી બહુમતીથી ચુંટી કાઢવા અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.આતકેરાજુલાવિધાનસભાસંયોજક રવુભાઈ ખુમાણ આહીર સમાજ અને ભારતીય જનતા પાર્ટીના સિનિયર આગેવાનો બાબુભાઈ રામ, બાબુભાઈ જાળોધરા, જિલ્લા ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમવિસ્તારકમિતભાઈ શાહ શહેર ભાજપ પ્રમુખ પરેશભાઈ લાડુમોર મહામંત્રી મયુરભાઈ દવે, સાગરભાઈ સરવૈયા, વનરાજભાઈ વઢ યુવા ભાજપ પ્રમુખચિરાગભાઈજોશીવેપારીઆગેવાનો મનીષભાઈ વાળા, ગૌરાંગભાઈ મહેતા મનુભાઈ ધાખડા, જીવરાજભાઈ મેવાડા, અક્ષયભાઈ ધાખડા, ચિંતનભાઈ જોશી, પિન્ટુભાઈ ઠક્કર ભરતભાઈ સાવલીયા, જયંતીભાઈ જાની, ચિરાગભાઈ બી. જોશી, જનસંઘીકિશોરભાઈ રેણુકા, દિલીપભાઈ જોશી, ગજેન્દ્રસિંહ પરમાર, રાહુલભાઈ બાંભણીયા, ભાવેશભાઈ ગુજરીયા, રાજુભાઈ ઝાંખરા, જે.ડી ધાખડા, ગિરધરભાઈ ઉનાગર, સંજયભાઈ લાડવા સહિત ભારતીય જનતા પાર્ટીના હોદેદારોકાર્યકર્તાઓ આગેવાનો ઉપસ્થિત રહ્યાહતા.

### પ્રદેશ કોંગી પ્રવકતા મનહર પટેલનું નિવેદન

## અનઅધિકૃત રીતે વેચાણ થતાં બીટી કપાસ બીજનો મસમોટો જથ્થો તૈયાર

### રાજય સરકારે ઘોર નિદ્રામાંથી જાગવુ જરૂરી

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતમા અનઅધિકૃત રીતે બીટી કપાસ બીજના લાખો પેકેટનુ વેચાણ દર વર્ષે થાય છે અને તેના લાખો ખેડુતોને કરોડો ઢપિયાની નુકશાન જાય છે, છતાં રાજય સરકાર આવા અનઅધિકૃત વેપારને અટકાવી શકી નથી ઉપરાંત અનઅધિકૃત બીટી કપાસ બીજ વેચતા ગુનેગાર વેપારી / ઉત્પાદકો પકડાયા છે તેને કાયદા મુજબ સજા કરાવવામા પણ નિષ્ફળ રહી છે.આજે આગામી ખરીફ સિઝન માટે અનઅધિકૃત બીટી કપાસ બીજનુ પેકીંગ થઈ રહ્યુ છે અને બજારમા પણ આવી રહ્યુ છે, અને રાજય સરકારે બીટી કપાસ બીજના વેપારી માટે ચેતવણી પણ આપી નથી. અનઅધિકૃત બીટી કપાસ બીજના ઉત્પાદન પ્લોટ ઉપર છાપા માર્યા નથી, નમુના લેવાયા નથી, ખેડુત વિરોધી રાજય સરકારને કારણે લાખો ખેડુતો આવા અનઅધિકૃત બીટી કપાસ બીજને કારણે આર્થિક પાયમાલ થાય છે, દર વર્ષે અમારી વિનંતી અને માંગ રહી છે કે રાજય સરકારનુ ખેતીવાડી ખાતુ આ દિશામા સાવધ રહીને ખેડુત જાગૃતિ અભિયાન શઢ કરે. ફરી આ વર્ષે માંગ છે કે રાજય સરકાર સરકાર માન્યતા પ્રાપ્ત બીટી કપાસ બીજ વેચાણ કરતી કંપનીઓના નામ અને તેની જાતોના નામની યાદી પ્રસિદ્ધ કરે જેથી રાજયના કપાસ પકવતા ખેડુતો અનઅધિકૃત બીજથી આર્થિક બરબાદીથી બચાવી શકાય. એવી રીતે છેલ્લા ૨૦ વર્ષમા રાજય સરકારના ખેતીવાડી ખાતાના દફતરે અનઅધિકૃત બીટી કપાસ બીજ ઉત્પાદન કરતી કે વેચાણ કરતી કંપની ઉપર પોલીસ દફતરે ગુના નોંધાયા છે. તે કંપનીની અને પકડાયેલ તેની જાતોના નામની પુર્ણ વિગત ખેડુતોના વિશાળ હિતમા જાહેર પ્રસિદ્ધિ કરવામા આવે.આજે તેનુ પેકિંગ અને વિતરણનુ કામ ચાલી રહ્યુ છે, ત્યારે રાજય સરકારે અનઅધિકૃત બીટી કપાસ બીજના વેચાણ અટકાવવા માટે સ્કોર્ડની ટીમ બનાવી ? આ ટીમે ફિલ્ડ ઉપર કેટલા નમુના લીધા ? કેટલા નમુના જીનીંગ પ્રોસેસિંગમા લીધા ? કેટલા નમુના પેકીંગ સમયે લીધા ? પછીની શુ કાર્યવાહી કરી ? વગેરે માહીતી જાહેર પ્રસિદ્ધ કરી રાજયના ખેડુતોને માહિતગાર કરવામા આવે. નિષ્ફળ ગયેલા નમુનાવાળી કંપનીની યાદી રાજય સરકાર તરફથી શા માટે પણ પ્રસિદ્ધ કરવામા આવતી નથી. ? રાજય સરકાર ગુનેગારોને શા માટે બચાવી રહી છે. ?ગત તા.૦૭.૧૧.૨૦૨૩ ના રોજ રાજયના ખેતીવાડી વિભાગે આપેલ માહિતિ મુજબ અનઅધિકૃત બિયારણના ગેરકાયદે વેચાણ' ની અટકાવવા માટે વર્ષ ૨૦૨૨–૨૩ મા ૭૪૯૫ નમુના લીધા અને તેમા ૧૯૨ અમાન્ય થયા અને ૨૦૨૩–૨૪ મા ૧૬૯૩૧ નમુના લીધા તેમા ૨૮૩ અમાન્ય થયા, એમ કુલ છેલ્લા બે વર્ષમા ૪૭૫ બીજના નમુના અમાન્ય થયાની માહિતી આપી હતી, રાજય સરકારને અમારો સવાલ છે કે ૪૭૫ નમુનામા અનઅધિકૃત જથ્થો કેટલા કીલો હતો ? કઈ કઈ કંપનીનો હતો ? તેના પર પોલીસ ફરિયાદ થઈ હતી કે નહી ? કેટલી ધરપકડ કરવામા આવી ? ક્યા પ્રકારના પગલા ભર્યા ? વગેરે માહિતી રાજય સરકાર આ માહિતી છેલ્લા ૨૦ વર્ષથી જાહેર કરતી નથી કારણ કે ભાજપા સરકાર ખેડુતોની નહી માત્ર વેપારીની છે. એક આધારભુત માહિતી મુજબ આમ રાજય સરકારનુ ખેતીવાડી ખાતુ એક બાજુ અનઅધિકૃત બિયારણના ગેરકાયદે વેચાણ ઉપર સખત પગલા ભરવાના દાવા વચ્ચે કેન્દ્ર સરકારે લોક્સભામા રજુ કરેલ આંકડા મુજબ સાત વર્ષમા માત્ર ૯ કંપની ઉપર ફરીયાદ અને ૩૮ વ્યક્તિની ધરપકડ કરેલ છે.જે છેલ્લા બે વર્ષના આંકડા સાથે વિસંગતા ઉભી કરે છે. આ બન્ને દાવા વચ્ચે સત્ય શુ છે તેનો જવાબ રાજયના કૃષિ મંત્રી આપે.ગયા વર્ષે ભાજપાના રાજયસભાના સભ્ય રામ મોકરીયાએ કૃષિમંત્રીને પત્ર લખીને અનઅધિકૃત રીતે બીજ માફિયાઓના બિયારણથી ખેડુતોને આર્થિક નુકશાન જાય છે તેની ચિંતા કરી હતી અને તેના માટે તેમને માંગ કરી છે કે કાયદામા બીજ માફિયાઓને કડક સજાની જોગવાઈ કરવામા આવે અને તેમને જેલમા ધકેલવા જોઈએ.પરંતુ સરકાર તરફથી કોઈ કાર્યવાહી બની નથી. આ વર્ષે પણ ગુજરાતમા 'બીટી કપાસ બીજનુ અનઅધિકૃત બિયારણનુ ઉત્પાદન અને વેચાણ મોટા પ્રમાણમા થયુ છે, પરંતુ જો રાજય સરકારને ખેડુતોને આર્થિક નુકશાની અંગે ચિંતા હોય તો અનઅધિકૃત બીટી કપાસ બીજનો એક દાણો ખેડુતોના ખેતર સુધી ન પહોંચે તેના ઓપરેશન બીજ બુટલેગર શઢ કરી ખેડુતોને આર્થિક નુકશાનીમાંથી બચાવવા જોઈએ. તેવી માંગ પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા મનહર પટેલે કરી છે.

## રાજુલા : ખાનદાની ક્યાંય વેચાતી મળતી નથી



રાજુલા, તા.૧૧

વાત છે ખાનદાનીની અને વાત છે પ્રમાણિકતાની જયારે રાજુલા પાસે રહેતા હડમતીયા ગામના રહેવાસી પાલાભાઈ નનાભાઈ ભરવાડ હડમતયા ગામના વતની છે જે કાતર બારપટોળી રોડ પરથી રાજુલા આવી રહ્યા હતા ત્યારે કાતર રોડ પર બારપટોળી નજીક તેમને રૂપિયા ૧૬ હજાર રોકડા તેમજ સાથે ખરીદીના બિલ મળતા તેમણે સોશિયલ મીડિયાના આધારે લોકોને જાણ કરી આવી રકમ મને મળેલ છે ત્યારે સોશિયલ મીડિયાના આધારે આ જાહેરાત ડેડાણ ગામના રફિકભાઈ ગુલાબભાઈ પઠાણ વાંચતા કે રફિકભાઈ રીક્ષા ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે જે ડેડાણથી રાજુલા રીક્ષાઓના ફેરા કરે છે અને વેપારીઓના માલ ગામડાઓમાં લાવવાલઈ જવાનું કામ કરે છે ત્યારે તેમણે આ સોશિયલ મીડિયાના આધારે તેમને આ સમાચાર મળતા તેમણે ઉપરોક્ત પાલાભાઈનો સંપર્ક કરેલો અને આ રકમ રાજુલા આવી અને માર્કેટિંગ યાર્ડની અંદર આવેલ નીલકંઠ ટ્રેડિંગ કંપની જેમને ડેડાણથી રાજુલા આ વેપારીને આ રકમ આપવાની હતી અને આ રફીકભાઈ સાથે મોકલેલી હતી ત્યારે આ વેપારી રૂબરૂમાં આ રકમ વેપારીને આપી અને આ એક પ્રમાણિકતાનું ઉદાહરણ પૂરૂ પાડેલ છે.

અભિનંદન પાલાભાઈને જે આજના આવા યુગની અંદર આવા માણસો પણ પોતાની પ્રમાણિકતા બતાવે છે.

## ક્લોરાણા ગામ સમસ્ત પરબ વાળા ખોડીયાર માં નો નવરંગો માંડવો યોજાયો



બાબરા, તા.૧૧

બાબરા તાલુકાનાં કલોરાણા ગામે શ્રી પરબ વાળા ખોડીયાર માતાજીના નવરંગા માંડવામાં આગેવાનો દ્વારા બાબરા તાલુકા ભાજપ ઉપપ્રમુખ કિરીટભાઈ બગડા, ખાખરીયા સરપંચ વિપુલભાઈ કાચેલાનું સન્માન કરવામાં આવ્યું.

તેમાં ઉપસ્થિત બાબરા તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ ધીરૂભાઈ વહાણી કલોરાણા સરપંચ સંજયભાઈ વાઘેલા કોળી સમાજના યુવા આગેવાન કાળુભાઈ ઝાપડિયા લાલજીભાઈ ઝાપડિયા વિનુભાઈ રાજપરા મકવાણા જેમાભાઈ તેમજ કલોરાણા ગામનાં આગેવાનો તેમજ ગ્રામજનો દ્વારા પરબ વાળા ખોડિયાર નવરંગો માંડવો યોજાયો હતો.

### કિમ જોંગ ઉને દેશની મુખ્ય મિલિટરી યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી

## 'યુદ્ધનો સમય આવી ગયો છે...', ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગે ફરી ધમકી આપી

**કિમ જોંગે અગાઉ નવી હાઇપરસોનિક મધ્યવતી બેલિસ્ટિક મિસાઇલનું પરીક્ષણ કર્યું હતું, આ અંગે વિશ્લેષકોએ મતે આ બેલેસ્ટિક મિસાઈલ ઉત્તર કોરિયાની મિસાઈલ તૈનાત કરવાની ક્ષમતાને વધુ મજબૂત કરશે**

નવી દિલ્હી, તા.૧૧

ઉત્તર કોરિયાના સૈન્ય શાસક કિમ જોંગ ઉને ફરી એકવાર યુદ્ધને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે દેશભરમાં સૈન્ય અને રાજકીય સ્થિતિ સ્થિર નથી. આ કારણે આપણે હવે પહેલા કરતા વધુ યુદ્ધ માટે તૈયાર રહેવું પડશે.ઉત્તર કોરિયાની સરકારી સમાચાર એજન્સી અનુસાર, કિમ જોંગ ઉને દેશની મુખ્ય સૈન્ય યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. આ મહિનાની શરૂઆતમાં, તેણે અગાઉ નવી હાઈપરસોનિક મધ્યવતી બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. આ અંગે વિશ્લેષકોએ કહ્યું હતું કે આ બેલેસ્ટિક મિસાઈલ ઉત્તર કોરિયાની મિસાઈલ તૈનાત કરવાની ક્ષમતાને વધુ મજબૂત કરશે.તમને જણાવી દઈએ કે ઉત્તર કોરિયા વાસ્તવમાં દક્ષિણ કોરિયા અને અમેરિકા પર સૈન્ય તણાવ વધારવાનો આરોપ લગાવી રહ્યું છે. તમને જણાવી દઈએ કે થોડા સમય પહેલા ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ-ઉને પરમાણુ હથિયારોને લઈને કહ્યું હતું કે જો દુશ્મન ઉશ્કેરશે તો અમે પરમાણુ હુમલો કરવામાં અચકાઈશું નહીં. કિમે સ્પષ્ટ સૂચના આપી હતી કે જો દુશ્મન પરમાણુ હુમલાની ધમકી આપે છે અથવા ઉશ્કેરશે તો અમે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરતા ખચકાઈશું નહીં. આ પછી ઉત્તર કોરિયાએ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ હવાંગ-૧૮ લોન્ચ કરી.પરંતુ શું કિમ ખરેખર પરમાણુ હુમલો કરી શકે છે?ઉત્તર કોરિયાનો દાવો છે કે તે યુદ્ધની વિરુદ્ધ છે અને તેણે પોતાના પરમાણુ શસ્ત્રો સ્વરક્ષણ માટે રાખ્યા છે. તેમનું કહેવું છે કે અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાનની 'પ્રતિકૂળ' નીતિઓનો સામનો કરવા માટે આ જરૂરી છે.ગયા વર્ષે સૈન્ય પરેડ દરમિયાન કિમે કહ્યું હતું કે દેશના હિતોનું ઉલ્લંઘન કરનારા કોઈપણ પર હુમલો કરવાની જવાબદારી તેમણે પોતાના પરમાણુ દળને સોંપી છે.ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જ ઉત્તર કોરિયાએ તેના એક કાયદામાં સુધારો કર્યો હતો, જે તેને સંભવિત હુમલાના ખતરાને ધ્યાનમાં રાખીને પહેલા પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવાનો અધિકાર આપે છે.કાયદા અનુસાર, જો ઉત્તર કોરિયા પર પરમાણુ હુમલાનો ખતરો હોય, જો તેના નેતૃત્વ અથવા લોકોના જીવને ખતરો હોય અથવા જો કોઈ દેશ હુમલો કરવાની તૈયારી કરી રહ્યો હોય, તો આવી સ્થિતિમાં પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકાય છે. પરિસ્થિતિઆ કાયદામાં કિમ જોંગને પરમાણુ હથિયારોના ઉપયોગ અંગેના તમામ નિર્ણયો લેવાનો અધિકાર આપવામાં આવ્યો છે. પરંતુ જો કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમને કોઈ ખતરો લાગશે તો મિસાઈલ 'ઓટોમેટિકલી' લોન્ચ કરશે. એટલે કે, કિમ જોંગની મંજૂરીની જરૂર નહીં પડે.આ વર્ષે સપ્ટેમ્બરમાં જ, બીજો બંધારણીય સુધારો કરવામાં આવ્યો હતો, જે અમેરિકન ઉશ્કેરણીઓને રોકવા માટે પરમાણુ હથિયારોના ઉત્પાદનને વેગ આપવાનો અધિકાર આપે છે.જુલાઈમાં, ઉત્તર કોરિયાના સંરક્ષણ પ્રધાન કાંગ સુન નામએ કહ્યું હતું કે દક્ષિણ કોરિયામાં યુએસ એરક્રાફ્ટ કેરિયર્સ, બોમ્બર અને મિસાઈલ સબમરીનની તૈનાતીથી પરમાણુ હથિયારોના ઉપયોગનું જોખમ વધી ગયું છે.પરમાણુ શસ્ત્રોનો ભંડાર કેટલો મોટો છે?એવું માનવામાં આવે છે કે ઉત્તર કોરિયાના પરમાણુ હથિયારોના શસ્ત્રાગારમાં ૩૦ થી ૪૦ શસ્ત્રો હશે.

## પીએમ મોદીએ માલદીવના રાષ્ટ્રપતિ મુઈઝૂને ઈદની શુભેચ્છા આપી

નવી દિલ્હી, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુને ઈદની શુભેચ્છા પાઠવી છે. માલદીવની સરકાર અને લોકોને ઈદની શુભેચ્છા પાઠવતા પીએમ મોદીએ બંને દેશો વચ્ચેના ભૂતકાળના સાંસ્કૃતિક અને સભ્યતાના સંબંધો પર પણ ભાર મૂક્યો હતો.પીએમ મોદીએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું, 'આજે આપણે ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરી રહ્યા છીએ. આ તહેવાર આપણને સમગ્ર વિશ્વમાં કરુણા, ભાઈચારો અને એકતાના મૂલ્યોની યાદ અપાવે છે, જે શાંતિપૂર્ણ અને સર્વસમાવેશક વિશ્વના નિર્માણ માટે જરૂરી છે.ભારતીય હાઈ કમિશને ટ્વિટર પરની એક પોસ્ટમાં એમ પણ કહ્યું હતું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ, તેમની સરકાર અને માલદીવના લોકોને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી. ભારત-માલદીવના સંબંધોમાં તણાવ ચાલુ છેગયા વર્ષે નવેમ્બરમાં મુઈઝુએ સત્તા સંભાળી ત્યારથી ભારત અને માલદીવ વચ્ચેના સંબંધોમાં તણાવ છે. મુઈઝુ સત્તામાં આવતાની સાથે જ માલદીવમાં હાજર ભારતીય સૈનિકોને પાછા ખેંચવા માટે દબાણ કરવાનું શરૂ કરી દીધું હતું. પોતાના ચૂંટણી પ્રચારમાં ભારતીય સૈનિકોની હકાલપટ્ટીને મુદ્દો બનાવીને તેમણે 'ઈન્ડિયા આઉટ'નું સૂત્ર આપ્યું હતું. મુઈઝુને ચીનનો સમર્થક માનવામાં આવે છે.માલદીવમાં ત્રણ એવિએશન પ્લેટફોર્મ પર ૮૮ ભારતીય સૈનિકો તૈનાત હતા. મુઈઝુ સત્તામાં આવ્યા બાદ ૨૬ ભારતીય સૈનિકોની પ્રથમ ટુકડી ભારત પરત આવી છે. તેમની જગ્યાએ ૨૬ ભારતીય નાગરિકોને ત્યાં મોકલવામાં આવ્યા છે.માલદીવ હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતનો મુખ્ય પાડોશી છે. આ ઉપરાંત મોદી સરકારની 'નેબરહુડ ફર્સ્ટ પોલિસી' જેવી પહેલોમાં પણ તેનું વિશેષ સ્થાન છે.તેથી જ માલદીવ ખાસ છેજો ત્યાં કંઈક છે જે માલદીવને ખાસ બનાવે છે, તો તે હિંદ મહાસાગરમાં આવેલું છે. માલદીવના નાના અને મોટા ટાપુઓ શિપિંગ લેનની બાજુમાં છે જ્યાંથી ચીન, જાપાન અને ભારતને ઊર્જા પૂરી પાડવામાં આવે છે. માલદીવ હિંદ મહાસાગરમાં ૯૦ હજાર ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે. જો કે, તેનો ૩૦૦ ચોરસ કિલોમીટરથી ઓછો વિસ્તાર જમીન છે. તેના ૧૨૦૦ થી વધુ નાના ટાપુઓ સમુદ્રમાં ફેલાયેલા છે. માલદીવ અને ભારત વચ્ચે લગભગ બે હજાર કિલોમીટરનું અંતર છે. તે ભારત છે જે માલદીવનો સૌથી નજીકનો પાડોશી છે.

# રાજુલા પંથકના ધાર્મિક સ્થાનોમાં આશીર્વાદ મેળવતા જેનીબેન ઠુંમર



અમરેલી લોકસભા બેઠકનાં કોંગ્રેસ પક્ષનાં ઉમેદવાર જેનીબેન ઠુંમર ગઈકાલે રાજુલા પંથકનો પ્રવાસ કર્યો હતો. તેઓએ ચૌત્ર ગામે વરૂ પરિવારનાં કુળદેવી મોમાઈ માતાજી, નાગનાથ મહાદેવ, અને ભગવાન શ્રીરામના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ તકે ટીકુભાઈ વરૂ સહિતનાં કોંગી આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

સંપ... સેવા... સહકાર... ભારત માતા કી જય


નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા જિ. અમરેલી

# "સહકાર સે સમૃદ્ધિ કી ઔર"

અમારા પ્રેરણામૂર્તિ



શ્રી અરવિંદભાઈ મણીઆર



## શ્રી રશ્વિનભાઈ પી. ડોડીઆ
ચેરમેનશ્રી

## :: પ્રગતિની આરસી વર્ષ ૨૦૨૩/૨૪ ::

## નફો : રૂા.૪,૨૧,૨૧,૧૨૧/-

(રૂા. ચાર કરોડ એકવીસ લાખ એકવીસ હજાર એકસો એકવીસ)

| ધિરાણ | થાપણ | ટર્ન ઓવર | નેટ NPA | સભાસદને |
|---|---|---|---|---|
| ૧૧૭ કરોડ | ૮૯ કરોડ | ૫૮૮ કરોડ | 0% | ૧૫% ડિવીડન્ડ |

| રિઝર્વ/અન્ય ફંડ | સભાસદ સંખ્યા | સ્થાપનાથી જ |
|---|---|---|
| ૧૯.૮૮ કરોડ | ૨૦,૪૪૩ | ઓડીટ વર્ગ "અ" |

## ટુંક સમયમાં ગાંધીનગર મુકામે નવમી શાખાનો શુભારંભ



શ્રી જયદિપભાઈ નાકરાણી
ફીલ્ડ ઓફીસરશ્રી



શ્રી ડી.જી. મહેતા
જનરલ સેક્રેટરીશ્રી



શ્રી નિતેષભાઈ ડોડીઆ
જનરલ એમ.ડી.શ્રી



શ્રી કૌશીકભાઈ વેકરીયા
તજજ્ઞ ડીરેક્ટરશ્રી (ધારાસભ્યશ્રી)



શ્રી કંચનબેન રાદડીયા
તજજ્ઞ ડીરેક્ટરશ્રી (ધારાસભ્યશ્રી)

### :: વિશેષતાઓ ::

- ગુજરાતભરની ૬૩૦૦ થી વધુ શરાફી મંડળીઓમાંથી વધુ નફો કરવા સાથે સતત છઠ્ઠી વખત દ્વિતીય સ્થાન ધરાવતી મંડળી.
- અમરેલી જીલ્લાની અર્બન બેંકો તથા શરાફી મંડળીઓમાં સૌથી વધુ સભાસદ તથા નફો ધરાવતી મંડળી.

## :: બોર્ડ ઓફ ડીરેક્ટર્સ ::



શ્રી અશ્વિનભાઈ બી. પેથાણી
એમ.ડી. : અમદાવાદ શાખા



શ્રી હરીભાઈ એમ. ભટ્ટી
એમ.ડી. : બગસરા



શ્રી કેતનભાઈ એચ. ધકાણ
એમ.ડી. : ધારી શાખા



શ્રી તનસુખભાઈ ડી. ઠાકર
એમ.ડી. : અમરેલી શાખા



શ્રી મહેશભાઈ જે. વ્યાસ
એમ.ડી. : ચલાલા શાખા



શ્રી પરીનભાઈ ડી. રાજપુરા
એમ.ડી. : લીલીયા મોટા શાખા



શ્રી અરવિંદભાઈ એન. નાગ્રેચા
એમ.ડી. : રાજકોટ શાખા



શ્રી મનોજભાઈ બોરડ
એમ.ડી. : વડોદરા શાખા

શ્રી મહેશભાઈ જે. વ્યાસ | શ્રી યુસુફભાઈ આર. ભારમલ | શ્રી હરિભાઈ એમ. ભટ્ટી | શ્રી લલિતભાઈ એચ. ચુડાસમા | શ્રી સુરેશભાઈ એમ. પાઘડાળ | શ્રી ભરતભાઈ સી. ખીમસુરીયા | શ્રી વિણાબેન એન. સરવૈયા

શ્રી વિનુભાઈ એ. પટોળીયા | શ્રી નિલેશભાઈ આર. તેરૈયા | શ્રી મહેન્દ્રભાઈ સી. જોષી | શ્રી તનસુખભાઈ ડી. ઠાકર | શ્રી નરેન્દ્રપુરી બી. ગોસાઈ | શ્રી જયેશભાઈ આર. વિઠલાણી | શ્રી જયોતિકાબેન એચ. રાવલ

શ્રી મગનભાઈ એચ. કરોલીયા | શ્રી પરીનભાઈ ડી. રાજપુરા | શ્રી અરવિંદભાઈ એન. નાગ્રેચા | શ્રી ભરતભાઈ એચ. ગઢીયા | શ્રી અશ્વિનભાઈ બી. પેથાણી | શ્રી ધીમંતકુમાર એ. શેઠ

## :: એડવાઈઝરી બોર્ડ મેમ્બર ::

### શાખા : બગસરા
શ્રી વિનોદરાય બી. ભરખડા
શ્રી રામજીભાઈ એન. અમરેલીયા
શ્રી રસીકભાઈ બી. રાઠોડ
શ્રી પ્રકાશભાઈ એમ. ભરખડા
શ્રી દિનેશગીરી એન. ગોસાઈ
શ્રી જેન્તીભાઈ જી. વેકરીયા
શ્રી વિનોદભાઈ કે. જેઠવા
શ્રી રાજેશભાઈ સી. દેવલુક
(લીગલ એડવાઈઝર)
શ્રી હેમેન્દ્રભાઈ એમ. કટેશીયા
(શાખા સેક્રેટરી)

### શાખા : ધારી
શ્રી સંખાભાઈ બી. ગમારા
શ્રી નીલેશભાઈ આર. ચેલાણી
શ્રી જયસુખભાઈ ડી. રંગપરીયા
શ્રી ભરતભાઈ બી. આમલસેડા
શ્રી ભરતભાઈ એમ. ડાભી
શ્રી રવિકુમાર આર. વાળા
(લીગલ એડવાઈઝર)
શ્રી વિજયભાઈ એન. ચાવડા
(શાખા સેક્રેટરી)

### શાખા : ચલાલા
શ્રી કમલેશભાઈ વી. વીઠલાણી
શ્રી હીમતભાઈ એમ. ટીંગા
શ્રી ઉમેદભાઈ એમ. બસીયા
શ્રી ભરતભાઈ એચ. ડોડીયા
(શાખા સેક્રેટરી)

### શાખા : અમરેલી
શ્રી મુકુંદરાય વી. જેઠવા
શ્રી કાળુભાઈ બી. વાળા
શ્રી દેવશીભાઈ એ. રબારી
શ્રી સંજયભાઈ આર. પટેલ
શ્રી વિજયભાઈ એ. વાજા
શ્રી શાંતિભાઈ એમ. પરમાર
શ્રી અશોકભાઈ સી. વરીયા
(લીગલ એડવાઈઝર)
શ્રી ચંદ્રેશભાઈ બી. મહેતા
(લીગલ એડવાઈઝર)
શ્રી જયદિપભાઈ ડી. નાકરાણી
(શાખા સેક્રેટરી)

### શાખા : લીલીયા
શ્રી ખોડાભાઈ કે. માલવીયા
શ્રી દિલીપભાઈ કે. ઘાઘલ
શ્રી અશોકભાઈ એમ. જોષી
શ્રી વિજયભાઈ સી. કોગથીયા
શ્રી વિઠલભાઈ બી. વંકરા
શ્રી દિનેશભાઈ એન. ભદ્રેશ્વરા
શ્રી સરલાબેન એસ. દવે
શ્રી કિશોરભાઈ એમ. પાઠક
(લીગલ એડવાઈઝર)
શ્રી ધર્મેન્દ્રભાઈ પી. ગાયઝન
(શાખા સેક્રેટરી)

### શાખા : રાજકોટ
શ્રી અનિલભાઈ એમ. ધોરડા
શ્રી જયસુખભાઈ સી. ધંધુકીયા
શ્રી પરેશભાઈ પી. ભરખડા
શ્રી ઇન્દ્રવદનભાઈ એમ. રાજયગુરૂ
શ્રી મયુરભાઈ એમ. કંસારા
શ્રી અરવિંદભાઈ એ. જોગી
શ્રી યજુવેન્દ્રસિંહ પી. જાડેજા
(લીગલ એડવાઈઝર)
શ્રી પ્રશાંતભાઈ કે. વાઢેર
(લીગલ એડવાઈઝર)
શ્રી જયેનભાઈ એચ. ડોડીયા
(શાખા સેક્રેટરી)

### શાખા : અમદાવાદ
શ્રી સંજયભાઈ કે. ભાવસાર
શ્રી હરેશભાઈ બી. પટેલ
શ્રી અતુલભાઈ પી. રાદડીયા
શ્રી મનોજભાઈ એ. દરજી
શ્રી રાજેશભાઈ પી. પાઘડાળ
શ્રી મહેશભાઈ એન. ચૌહાણ
શ્રી રમેશભાઈ પી. પટેલ
શ્રી પ્રકાશભાઈ બી. સાવલીયા
શ્રી ગૌતમભાઈ સી. ભદ્રેશ્વરા
શ્રી નિષિતભાઈ પી. આચાર્ય
(લીગલ એડવાઈઝર)
શ્રી રવિભાઈ એચ. પરમાર
(શાખા સેક્રેટરી)

### શાખા : વડોદરા
શ્રી અનુરાગભાઈ આર. શર્મા
શ્રી પ્રદિપભાઈ એ. લશ્કરી
શ્રી અમિતભાઈ એચ. પટોલિયા
શ્રી અમરભાઈ પી. ભરખડા
શ્રી હિંમતભાઈ એમ. પટેલ
શ્રી યશવંતભાઈ બી. ભરખડા
શ્રી શૈલેષભાઈ જી. પટેલ
શ્રી મયુરભાઈ બી. શાહ
શ્રી દીપાલીબેન વી. સોલંકી
શ્રી સુરેખાબેન એમ. પરમાર
શ્રી દિલીપભાઈ આર. મહેતા
(શાખા સેક્રેટરી)

**મંડળીનું કાર્યક્ષેત્ર : ગુજરાત રાજ્યના કુલ ૨૯ જીલ્લાઓ ::** અમરેલી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ, દેવભુમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર, મહેસાણા, દાહોદ, ગોધરા, સાબરકાંઠા(હિંમતનગર), નર્મદા(રાજપીપળા), ખેડા, આણંદ, અરવલ્લી, ડાંગ(આહવા), ભરૂચ, બોટાદ, છોટા ઉદેપુર, નવસારી, વલસાડ, પાટણ, મહીસાગર, મોરબી,

# શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.

બગસરા – જી. અમરેલી (ફોન : ૦૨૭૯૬ ૨૨૨૨૫૮) :: રજી.નં. સે૧૮૯૭૪ તા.૩૦/૦૬/૧૯૮૪

## જિલ્લાની ૧૫ લાખની જનતાની બંને ઉમેદવારો પર બાજનજર

# અમરેલી જિલ્લાનો વિકાસ કોણ કરશે ? ભરત સુતરીયા કે જેની ઠુંમર

**ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાની પાછળ પપંચાયતથી લઈને પાલમિેન્ટ સુધીનું પીઠબળ જોવા મળે છે**

**કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમર પાસે વારસામાં મળેલ રાજકીય અનુભવ, હાઈ એજયુકેશન અને યુવા મહિલા હોવાનો પ્લસ પોઈન્ટ**

**દેશનાં પાટનગરમાં આવેલ હાઈ-ફાઈ પાલમિેન્ટમાં બેસીને જિલ્લાની વ્યથા કોણ શ્રેષ્ઠ રીતે રજૂ કરી શકશે**

**વિકાસથી વંચિત રહેલ મતદારો આગામી ૭મે નાં રોજ સમજી-વિચારીને મતદાન કરશે તે સ્પષ્ટ થતું જાય છે**

અમરેલી, તા. ૧૧

આઝાદીનાં ૭૭ વર્ષનાં વહાણા બાદ પણ વિકાસથી વંચિત, અમરેલી જિલ્લાની ૧૫ લાખની જનતા માટે આગામી ૭ મે નાં રોજ તેમનાં સાંસદની પસંદગી કરવાની છે. ત્યારે જિલ્લાની જનતાનું પાંચ વર્ષનું ભવિષ્ય નકકી કરનારી આ મહત્વની ચૂંટણીમાં મતદારો સમજી–વિચારીને મતદાન કરવાનું મન બનાવી રહી છે અને ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવારની તમામ ક્ષમતાનું પરીક્ષણ કરી રહી છે.

એક તરફ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયા છે તો બીજી તરફ દેશની આઝાદીમાં મહત્વની ભૂમિકા ભજવનાર અને દેશને સર્વ શ્રેષ્ઠ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂ, ઈન્દિરા ગાંધી,





રાજીવ ગાંધી, ડો. મનમોહનસિંહની ભેટ આપનાર કોંગ્રેસ પક્ષનાં ઉમેદવાર જેનીબેન ઠુંમર છે. ભાજપનાં ઉમેદવારને મજબુત સંગઠન, અખૂટ આત્મ વિશ્વાસ, દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં થયેલ વિકાસ કાર્યો અને વિશ્વનાં સૌથી લોકપ્રિય નેતા નરેન્દ્ર મોદીનું પીઠબળ અને પંચાયતથી પાર્લામેન્ટ સુધીનું જબરદસ્ત નેટવર્ક છે. જેની સામે કોંગી ઉમેદવાર હાઈ એજયુકેશન ધરાવે છે, વારસામાં રાજકારણ મળ્યું છે ત્યારે બંને ઉમેદવારોમાંથી કયાં ઉમેદવાર દેશના પાટનગર દિલ્હી ખાતે આવેલ અતિ આધુનિક પાર્લામેન્ટ બિલ્ડીંગમાં બેસીને જિલ્લાની જનતાની વ્યથા રજૂ કરી શકશે તેને લઈને ૧૫ લાખ મતદારો મનોમંથન કરીને બંને ઉમેદવારોમાંથી કોને વિજેતા બનાવવાથી જિલ્લાની જનતાનો વિકાસ થાય છે તે અંગે ચર્ચા–વિચારણા કરી રહ્યા છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## ખાંભાનાં રાયડી ગામ નજીક થયેલ કેબલ ચોરીનો ભેદ ખૂલી ગયો

**ચોરી કરનાર બે ઈસમોની અટકાયત**

અમરેલી, તા. ૧૧

ખાંભા તાલુકાના રાયડી ગામ પાસે આવેલ સુજલોન એનર્જી લીમીડેટ તથા ફોર સ્કેવર ગ્રીન એર્નજી પ્રાઈવેટ લીમીટેડ કંપનીની આવેલ પવન ચક્કીઓમાં ગત તા. ૨૪/૨ થી તા. ૩૧/૩/૨૪ના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પ્રવેશ કરી પવનચક્કીના કેબલ વાયર ૧૮૦ મીટર કિંમત રૂપિયા ૧,૪૭,૫૦૦ની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય. જે અંગે કંપનીના આસીસ્ટન્ટ મેનેજર જયદીપભાઈ મનોજભાઈ દવે (રહે. સ્વામીનારાયણનગર, અમરેલી) વાળાએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ જાહેર કરતા ખાંભા પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ ૩૭૯, ૪૪૭ મુજબનો ગુનો નોંધાવામાં આવેલ હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણ શોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા



અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ દરમિયાન ગત તા. ૧૦/૪ નાં રોજ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે રાજુલા ટાઉનમાંથી ભોળા ઉનડભાઈ વાઘ (રહે. રામપરા–૨, તા. રાજુલા) તથા અફજલ અલ્તાફહુસેન લાખાણી (રહે. રાજુલા) બે ઈસમોને ચોરીના કેબલ વાયર સાથે પકડી પાડી, સઘન પુછપરછ દરમિયાન ઉપરોકત ચોરીની કબુલાત આપતા ચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરી, પકડાયેલ આરોપી તથા કેબલ વાયર ૪૪ કી.ગ્રા. કિંમત રૂપિયા ૩૭,૪૦૦ તથા મોટર સાયકલ નંબર વગરનું કિંમત રૂપિયા ૩૦,૦૦૦ મળી કુલ રૂા. ૬૭,૪૦૦ ના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા ખાંભા પોલીસ સ્ટેશન સોંપી આપેલ છે.

### રાત્રિનાં સમયે અચાનક આગ લાગી

## જાફરાબાદની મુખ્ય બજારમાં આવેલ કરીયાણાની દુકાનમાં આગ ભભૂકી ઉઠી

**સૌ કોઈએ પાણીનો મારો ચલાવી આગને બુઝાવી**

જાફરાબાદ, તા. ૧૧

જાફરાબાદની મુખ્ય બજારમાં આવેલ કરીયાણાની દુકાનમાં અચાનક આગ લાગતાં ફફડાટ ફેલાયો હતો. જો કે સ્થાનિકો અને ખાનગી પાણીનાં ટેન્કર ચાલકોએ સામૂહીકરૂપે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સરકીટથી આગ લાગ્યાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, પાલિકા પાસે આધુનિક ફાયર ફાઈટરની સુવિધાનો અભાવ જોવા મળે છે અને અવારનવાર ખાનગી



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

કંપનીનાં ફાયર ફાઈટરની મદદ લેવામાં આવે છે. પાલિકાનાં શાસકોએ ફાયર ફાઈટરની સુવિધા શરૂ કરવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

### CSDS અને લોકનીતિનો સર્વે

## લોકસભાની ચુંટણીમાં બેરોજગારી મોંઘવારી અને ભ્રષ્ટાચાર મહત્વનો મુદ્દો

**રામ મંદિર અને હિન્દુત્વનો મુદ્દો પાછળ રહી ગયો**

અમરેલી, તા.૧૧

ભારત દેશની લોકસભાની ચુંટણીની પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે. અને દેશના ૯૭ કરોડ મતદાો કયાં મુદ્દાને ધ્યાને લઈને મતદાન કરશે તેને લઈને CSDS અને લોકનીતી દ્વારા એક સર્વે કરવામાં આવ્યો.

જેમાં દેશનાં મતદારો માટે સૌથી વધુ મુદ્દો બેરોજગારી, મોંઘવારી બાદમાં ભ્રષ્ટાચાર, ખેતીના પ્રશ્નો અમીર–ગરીબ વચ્ચે વધતી ખાઈ છે અને રામ મંદિર હિન્દુત્વનાં મુદ્દાને દેશવાસીઓ નજર અંદાજ કરતાં હોય તેવુ તારણ જોવા મળી રહયું છે.

**શિક્ષણમંત્રી, શિક્ષણ સચિવ, શિક્ષણ કમિશ્નરને પત્ર**

## રાષ્ટ્રીય કક્ષાએ જાહેર થતી ફરજિયાત રજાઓ સ્થાનિક કક્ષાએ બિનજરૂરી બની જાય છે

**અમુક રજાઓ પ્રાદેશિક કક્ષાએ મરજીયાત કરવી જરૂરી**

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા શ્રી સૂર્યોદય કેળવણી અને સાંસ્કૃતિક મંડળ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ દ્વારા જાહેર રજાઓની યથાર્થતા ચકાસવા બાબતે શિક્ષણ મંત્રી ગુજરાત રાજય, શિક્ષણ સચિવ ગાંધીનગર અને શિક્ષણ કમિશનર ગાંધીનગરને એક પત્ર દ્વારા વિચારવા માટે રજૂઆત કરી છે. તાજેતરમાં ટીવી અને અખબારોમાં નવતર સમાચાર જોવા સાંભળવા મળી રહ્યા છે. શૈક્ષણિક સંસ્થાઓમાં જાહેર રજાઓ દરમિયાન શૈક્ષણિક કાર્ય ચાલુ રખાતું હોવાના આક્ષેપો સાથે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીઓ દ્વારા ખાસ કડક સૂચનાઓ બહાર પાડી, જાહેર રજાઓમાં ફરજિયાત શૈક્ષણિક સંસ્થાઓ બંધ જ રાખવા તકેદારી કરવામાં આવે છે.

ખરેખર તો શૈક્ષણિક સંસ્થાઓ બિનજરૂરી રજાઓ રાખી શૈક્ષણિક કાર્ય બગડે તેવા કિસ્સાઓમાં કડકાઈ રાખવામાં આવે તો સમજી શકાય એવી વાત છે પરંતુ અમુક રજાઓ કે જે રજાઓનું પ્રાદેશિક સ્થાનિક કક્ષાએ કોઈ મહત્વ ન હોય. જે ધાર્મિક તહેવારો લાગુ પડતી કોમ્યુનિટીની વસ્તી પણ ન હોય ત્યારે આવી રજાઓ બિનજરૂરી બની જાય છે. આ ઉપરાંત તમામ શૈક્ષણિક સ્ટાફ, તમામ વિદ્યાર્થીઓ, તમામ વાલીઓ દ્વારા સર્વસંમતિથી અમુક જાહેર



રજાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ રાખવામાં આવે તો ત્રાહિત– થર્ડ પાર્ટીને શું વાંધો હોઈ શકે..?! જો શાળા સંચાલકો દ્વારા જોહુકમીથી સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલીઓની મરજી વિરૂદ્ધ જાહેર રજાઓમાં શાળા શરૂ રખાય તો તે બાબતે જરૂરી પગલા લેવાય તે અલગ બાબત છે.

ખરેખર વિચારવાનો સમય આવી ગયો છે કે, અમુક રાષ્ટ્રીય કક્ષાએ જાહેર કરાતી ફરજીયાત રજાઓ પ્રાદેશિક કક્ષાએ, સ્થાનિક કક્ષાએ મરજીયાત જાહેર કરવી જોઈએ. આવું બેન્કિંગ ક્ષેત્રે જોવા મળે છે, ઘણી જાહેર રજાઓ તમામે તમામ બેંક રાખતી નથી. ગુડ ફ્રાઈડે, પટેટી, નાતાલ, ગુડી પડવો, ચેટીચાંદ, ગુરૂનાનક જયંતિ જેવી રજાઓ લાગુ પડતા સંપ્રદાયની વસ્તી સૌરાષ્ટ્રમાં અમુક મોટા શહેરો સિવાય એક ટકા પણ હોતી નથી ત્યારે આવી રજાઓ સ્થાનિક કક્ષાએ મરજિયાત રજાઓની યાદીમાં સામેલ કરી શકાય જેથી જે તે વિસ્તાર

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી પોલીસની કામગીરી

## લાઠી : બનાવટી દસ્તાવેજ, વિશ્વાસઘાતનાં ગુન્હામાં 3 વર્ષથી નાસતા ફરતા આરોપીની અટકાયત

**આરોપી નગિનભાઈ પટેલની અટકાયત કરાઈ**

અમરેલી, તા. ૧૧

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહએ અમરેલી જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ડીવીઝન વાઈઝ નાસતા ફરતા સ્કવોડની રચના કરી નાસતા ફરતા આરોપીને પકડી પાડવા સુચના આપેલ હોય. જે અનુસંધાને અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા નાસતા ફરતા સ્કવોડની આરોપીને પકડી પાડવા જરૂરી સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી ડીવીઝન સ્કવોડ તથા પોલીસ સ્ટાફ તથા લાઠી પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૧૨૦(બી), ૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૧૪ મુજબના નાસતા ફરતા આરોપી નગીનભાઈ ફુલાભાઈ પટેલ (રહે. મુળ ગામ તોરણા, તા.



કપડવંજ) વાળાને હ્યુમન સોર્સ તથા ટેકિનકલ સોર્સની મદદથી સુરત ખાતેથી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)